# મહાકાળી ચાલીસા Mahakali Chalisa Lyrics in Gujarati

આદ્યશક્તિ પરમેશ્વરી જગની સર્જનહાર
વિશ્વ બંધુ વિલસી રહ્યું મા તારો આધાર

જય મહાકાળી પરમ કૃપાળી જય જગદંબા કર રખવાળી
ત્રણે લોકમાં તું રમનારી સચરાચરમાં તુહિ વસનારી
જય મહામાયા વિકરાલી કાળ તણા મહાકાળ તું કાલી
ત્રિગુણ રૂપ હું પાર ન પામું તવ શરણે ભવ પાર હું વામું

રૂપ તમારું શ્યામલ સોહે દર્શન કરતા સુરગણ મોહે
દશ મુખ નયનો ત્રીસ મનભાવન ભાલ બાલશશી મુકુટ સુહાવન
સકલ જીવન સંકટ હરતી પાલન પોષણ સુહના કરતી
રૂપનું વર્ણન કોણ કરે માં શ્યામ કેશ ધનધટા સમા મા

ખપ્પર ખડગ ત્રિશૂલ ધરતી ગદા ચક્ર લઈ ચહુ દિશ ફરતી
કોપી ધરી અરિ હાથ કટિ પર ધૂમ મચાવે સમર ભૂમિ પર
પ્રલયકાળમાં પ્રલય કરંતી રૂપ તમોગુણ ઘોર ધરતી
વિદ્યા બુદ્ધિની તુંહીદાતા બાળક જાણી દયા કર માતા

મહા પ્રલયની તું અધિષ્ઠાત્રી આદ્યા જનેતા સિદ્ધિદાત્રી
મંગલમયી સહુ મંગલ કરજો સ્વજન ગણી માં વિપદા હરજો
બ્રહ્મા દેવ હરિ હર માની નારદ આદિ સેવે શુક જ્ઞાની
મણિદ્વીપમાં સ્થાન સુહાવે ભક્તજનોને દુઃખથી બચાવે

કનક સિંહાસનમાત બિરાજે હોય આરતી નોબત બાજે
મહાકાળી તેં રાવણ રોળ્યો રઘુકુલ તારી અસુર કુલ બોળ્યો
ભારતલીરીક્સ.કોમ
વિશ્વશાંતિ ને જનસુખ કાજે વિવિધ રૂપ ધરી તુંજ બિરાજે
કૃષ્ણ રૂપ લૈ તુંહી રમનારી મધુર હાસ મુરલી કર ધારી

પાવાગઢમાં તું મતવાલી હણ્યો તે માં વૈતાલી
શીશ મુકુટ સુહામણી રાજે કરમાં કેયુર કંકણ સાજે
ઝગમગતા કુંડલ બેઉ કાને વિમલ દીપકની માયા જાણે
તુંહિ ભદ્રકાળી હૈ કૈલાસી અરિ રક્તની સદા પિયાસી

ખચ ખચ ખચ કાપે શુત્ર કર ભર ભર ભર શોણિત ખપ્પર ભર
દલ દલ દલ દાનવ ભક્ષણ કરે ચલ ચલ ચલ અમ સંકટ તું હરે
ભીષણ સમયમાં શૂર ઝૂઝનારી ખડ્ગ પ્રહારથી અરિ હણનારી
તોમર સમર કરણ જે આવ્યું લઇ ત્રિશૂલ યમલોક પહોચાડ્યું

હણ્યાં અસિથી દુશ્મન સઘળા સહુયે ખલ દલ ઘેર્યા સહળા
રક્તબીજના ખંડ જ કીધા પૂર્ણશક્તિ રક્ત જ પીધા
મહિષાસુર અતિશય બલધારી રણમાં રોળ્યો તેં લકારી
ધૂમ વિલોચન દારુણ દુઃખકારી કર્યો ભસ્મ તેને સંહારી

ચંડ-મૂંડ ના મસ્તક તોડ્યા જગમાં જય જય ઝંડા ખોળ્યાં
દૈત્ય થકી તે જગત ઉગાર્યું ઋષિ મુનિને રક્ષણ આપ્યું
શરણાગત દુઃખ ભંજનહારી કર રક્ષા પ્રતિદિન અમારી
દે વરદાન તું એવા માતા શત્રુ હઠે મળે સુખ શાતા

જો માં તુજ કૃપા નહિ થાયે જનમ જનમના પાપ ન જાયે
સકલ શક્તિ લઈ આવો મૈયા ત્રિવિધ તાપ શમાવો મૈયા
કાળી કૃપાળી હે મહાકાળી મનવાંછિત ફળ દે તું દયાળી
નમું નમું હે નમન ભવાની દુઃખ ટાળી સુખ દે તું ભવાની

કાલી ચાલીસા પ્રેમથી પાઠ કરે અગિયાર
સુખ સંપત્તિ બહુ વધે સુખી થાય પરિવાર

*More Lyrics from [Meshwa Films]()*

# Mahakali Chalisa Lyrics

Aadhyashakti parmeswari jagni sarjanhar
Vishwa bandhu vilasi rahyu maa taro aadhar

Jay mahakali param krupali jay jagdamba kar rakhwali
Trane lokma tu ramnari sachrachar ma tuhi vasnari
Jay mahamaya vikarali kaal tana mahkal tu kali
Trigun roop hu paar na paamu tav sarane bhav paar hu vaamu

Roop tamaru shyamal sohe darshan karta surgun mohe
Dass mukh nayno trish manbhavan bhaal baalsasi mukat suhavan
Sakal jivan sankat harti palan posan suhna karti
Roop nu varan kon kare maa shyam kes ghanghata sama maa

Khappar khadag trishul dharti gada chakra lai chahu dis farti
Kopi dhari ari haath kati par dhoom machave samar bhumi par
Pralaykal ma pralay karti roop tamogun ghor dharti
Vidhya buddhi ni tuhi data balak jani daya kar mata

Maha pralay ni tu adhishtatri aadhya janeta siddhidatri
Mangalmayi sahu mangal karjo swajan gani maa vipda harjo
Brahma dev hari har maani narad aadi seve shuk gnani
Manidvip ma sthaan suhave bhaktjano ne dukh thi bachave

Kanak sihasanmat biraje hoy aarti nobat baje

Mahakali te ravan rodyo raghukul tari asoor kul bodyo
Vishvshanti ne jansukh kaje vividh roop dhari tuj biraje
Krushan roop le tuhi ramnari madhur haas murali kar dhari

Pavagadh ma tu matwali hanyo te maa vaitali
Shish mukut suhamani raaje karma keyur kankan saje
Jagmagta kundal beu kane vimal dipak ni maya jaane
Tuhi bhadrakali hai kailashi ari raktni sada piyasi

Khach khach khach kape satra kar bhar bhar bhar sonit khappar bhar
Bharatlyrics.com
Dal dal dal danav bhakshan kare chal chal chal am sankat tu hare
Bhisan samay ma soor jujnari khadag prahar thi hannari
Tomar samar karan je aavyu lai trishul yamlok pahochadyu

Hanya asithi dushman saghda sahuye khal dal dhetya sahla
Raktbij na khand j kidha purnshakti rakt j pidha
Mahishasur atisay baldhari ranma rodyo te lakari
Dhoom vilochan darun dukhkari karyo bhashm tene sanhari

Chand moond na mastak today jagma jay jay zhanda khodya
Detya thaki te jagat ugaryu rushi muni ne rakshan aapyu
Sarnagat dukh bhanjanhari kar raksha pratidin amari
De vardan tu eva mata satru hathe made such sata

Jo maa tuj krupa nahi thaye janam janam na paap na jaye
Sakal shakti lai aavo maiya vividh taap samavo maiya
Kali krupali he mahakali manvachint fal de tu dayali
Namu namu he naman bhavani dukh tali such de tu bhavani

Kali chalisa prem thi path kare agiyar
Such sampati bagu vadhe sukhi thay pariwar

*More Lyrics from Meshwa Films*